**<u>અમદાવાદનાં મહે. એડીશ્નલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.ર માં,</u>**

**ફો.કેસ નં. ૬૩૧૮૫/૨૦૨૪**

ફરીયાદી : સરકારશ્રી

વિરુધ્ધ

આરોપી : ભાલચંદ્ર શંકરલાલ મિસ્ત્રી

**<u>–: જજમેન્ટ :–</u>**

ફરીયાદપક્ષનાં કેસની હકીકત એવી છે કે:– આરોપીએ બનાવની તારીખે ગેરકાયદેસર રીતે દેશી દારૂ પોતાનાં કબજામાં રાખી પ્રોહીબીશન એકટની કલમ:૬૬(બી), ૬૫(એ)(એ) મુજબનો ગુનો આ અદાલતની હકુમતમા કરેલ હોઈ આ અદાલતમા ચાર્જસીટ રજુ થયેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે. તે ગુનો કબુલાત પુરસીસમાં કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબનો ચુકાદો State of Gujrat Versus Natwar Harchandji Thakor 2005(1) GLR 709 : 2005(1) GCD 749 લક્ષમાં રાખી ઓછામાં ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જે ચુકાદો વંચાણે લેતાં તેમાં ઠરાવેલ છે કે, BOMBAY PROHIBITION ACT, 1949 - S.66(1)(B)4 85(1) CODE OF CRIMINAL PROCEDURE, 1973 - S.240, 241, 251, 228(2)3 240(2), 252, 253, 235(2)4 criminal offence- plea of guilty - prayer for mercy by prescribing specimen pro forma for pleading guilty and for mercy in sentence-quantum of sentence- provisions for awarding minimum sentence- discretionary powers of court in this regard- the core issue as to whether Trial Court on being satisfied or in writing, in the judgment of the court, in finding accused guilty, " for a first offence " either by evidence or : by raising the plea of guilty " is competent to impose for such " first offence "- whether innovative judicial directions and prescription of new format, for recording plea of guilty of an accused, when statutory prescription of such a process or procedure has been prescribed in the Act, would be competent and legal-appellant- state contended that there is no discretion with the court to award less than the minimum sentence- meaning of ' Special and adequate reasons " - format for recording plea of guilty- prescription of format under dispute -difference between " plea bargaining " and recording fo "plea of guilty "- plea of " Nolo Contendere "- explanation made in respect of " doctrine of Nolo Contendere " doctrine proportionality discussed and explained.

વધુમાં એમ ઠરાવેલ છે કે, Modern sentencing system- pre- sentence hearing of accused - various cases referred - held, contention for State of court has no discretionary power to impose minimum sentence is not accepted- observation in " State of Gujarat vs. Uttam B. Prajapati(1990)" and " State of Gujarat vs. Thakor Somaji(1995)" held, as per incuriam- format for recording plea of guilty found contrary to statute and court has no power to prescribed such a format- decision in " V.K.Bhatt vs. M/s. Aryodaya G. Mills(1996)" overruled with respect to format of plea guilty- discretionary jurisdiction empowered in the trial Magistrate must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in judgment.

જેથી આરોપીનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખતા તાજેતરમાં જે સુધારા ગુજરાત સરકાર તરફથી કરવામાં આવેલ છે, તેની સાથોસાથ આ પ્રકારનાં કેસોનો જે ભરાવો અદાલતોમાં થઈ રહેલ છે, તેમજ આ પ્રકારનાં કેસો ઝડપથી પુરા કરવા સંબધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જે અથાગ પ્રયાસો કરવામાં આવી રહેલ છે, તેમજ

આરોપીએ અદાલત રુબરુ મૌખિક રીતે ફરીથી આ પ્રકારે કોઈ જ ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોઈ આરોપી કુંટુબનાં ભરણપોષણનો આધાર રહેલ હોઈ આરોપી જેલમાં જાય તો તેનાં પરીવારને ભુખે મરવાનો વારો આવે તેવા પણ સંજોગો ઉભા થાય તેમ હોઈ આરોપીને જેલમાં મોકલવાનું ઉચિત જણાતુ નથી, સાથોસાથ જો આરોપીને વધુ દંડ કરવામાં આવે તો પરીવારનાં સભ્યો પાછળ જે રકમ આરોપી ખર્ચી શકે તેમ છે તે રકમ દંડ પેટે સરકારમાં ચુકવવાથી પણ આરોપીનાં પરીવારનાં સભ્યોને સહન કરવું પડે તેમ જણાતું હોઈ વધુ દંડ કરવો પણ ઉચિત જણાતુ નથી, જેથી સમગ્ર ઉપર દર્શાવેલ સમગ્ર કારણો ધ્યાને લેતા આ અદાલતને નામદાર શ્રી જે.એન. ભટૃ સાહેબશ્રીનાં ચુકાદાથી મળેલ સત્તાનો ઉપયોગ કરી વધુ પડતો ટેકનીકલ નહી થતાં આરોપીને સમાજમાં રહી સુધરવાની તક આપવી ન્યાયી જણાતું હોઈ તેમજ તેનાં પરીવાર માટે પણ આ પ્રકારે હુકમ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરું છું.

## :: આખરી હુકમ ::

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૪૧ અન્વયે ચાર્જસીટમાં આક્ષેપાચેલ ગુનાનાં ભંગ બદલ **રૂપિયા:૨૦૦/-(અંકે રૂપિયા બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે** તથા કોર્ટ ઉઠતા સુધીનાં સમય સુધીની સજા કરવામાં આવે છે. આરોપીની ઉમંર જોતા તેમજ પ્રથમ ગુનો હોઈ તેમનાં પર પરીવારની જવાબદારી ધ્યાને રાખતા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State of Gujrat Versus Natwar Harchandji Thakor 2005(1) GLR 709 : 2005(1) GCD 749 લક્ષમાં રાખતા ઉપરોકત કારણોને આધીન કેદની સજા કરવામાં આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો **દિન-૫ (પાંચ)** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદામાલ દેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો. જો વેલ્યુબલ મુદામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ સદર મુદામાલની હરાજી કરી તેનાં ઉપજેલ નાણાં સરકારશ્રીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. નોન-વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પે.સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૨૨/૬/૨૦૨૪

(પવનકુમાર એન.નવીન)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨,અમદાવાદ.(કોડ જીજે ૦૦૭૫૮)